# ગાંધીનગર-ચાંદખેડા રૂટ શહેરી સર્વિસ પુનઃ ચાલુ કરવા માંગ

## એસ.ટી. નિગમ ઈરાદાપૂર્વક શહેરી સર્વિસને હેરાન કરે છે : મુસાફરો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર-ચાંદખેડા રૂટની ગાંધીનગર શહેરી બસ સર્વિસને પાંચ દિવસથી ગ્રહણ લાગુ પડ્યું છે. એસ.ટી. નિગમના અધિકારીઓની મહેરબાનીથી શહેરી બસ સેવાને ટાર્ગેટ બનાવી રૂટ કેન્સલ કરાવવામાં આવ્યા છે. ગાંધીનગરથી ચાંદખેડા નિયમિત મુસાફરી કરતા મુસાફરો રોષે ભરાયા છે. અને પુનઃ શહેરી સર્વિસની બસને ચાંદખેડા સુધી દોડાવવા પરમીશન આપવા વાહન વ્યવહાર મંત્રીને લેખિત રજુઆત કરી છે.

ગાંધીનગર-ચાંદખેડા રૂટની શહેરી સર્વિસની બસો દરરોજ અપડાઉન કરતા નાગરિકો માટે આશીર્વાદ સમાન હતી. પરંતુ એસ.ટી. નિગમની આડોડાઈને કારણે આ મુસાફરોને શટલીયામાં જવાનો વારો આવ્યો છે. પાંચ દિવસથી ગાંધીનગર-ચાંદખેડા રૂટની સર્વિસ બંધ કરવામાં આવી છે.

**પંદર કિ.મી.ની ત્રિજ્યામાં આવતા વિસ્તારોમાં અગાઉ અમદાવાદ, રાજકોટ, જામનગર સહિત મંજૂરી આપી છે પરંતુ પાટનગર માટે પૂર્વગ્રહ રાખવામાં આવી રહ્યો છે**

દરરોજ મુસાફરી કરતા મુસાફરોએ ગાંધીનગરના ધારાસભ્યો, વાહનવ્યવહાર, કમિશનર, ગાંધીનગર જિલ્લા કલેક્ટર અને વાહનવ્યવહાર મંત્રીને લેખિત રજુઆત કરતા જણાવ્યુ છે કે ગાંધીનગરથી ચાંદખેડા માટે એસ.ટી. નિગમ બસોના રૂટ ફાળવી શકતી નથી. વર્ષોથી આ રૂટ ખાલી રહેલો હતો ત્યારે શહેરી સર્વિસની બસોના રૂટ શરૂ થતા અમારી સમસ્યાનું સમાધાન થવા પામ્યુ હતુ.

પરંતુ છેલ્લા પાંચ દિવસથી એસ.ટી. વિભાગના અધિકારીઓ દ્વારા આર.ટી.ઓ.ના અધિકારીઓને સાથે રાખી શહેરી બસ સેવાને નિશાન બનાવવામાં આવી છે. બસોને ડીટેઈન કરવામાં આવે છે. જેના કારણે શહેરી સર્વિસની બસોના રૂટ અડાલજ સુધીના કરી દેવામાં આવ્યા છે.

અગાઉ ગાંધીનગર મનપાએ લોક માગણીને ધ્યાને રાખી એસ.ટી. નિગમ પાસે વિવિધ રૂટોને શરૂ કરવા માટે એન.ઓ.સી.ની માગણી કરી હતી. પરંતુ નિગમે અક્કડ વલણ રાખી પ્રમાણપત્ર આપ્યુ ન હતુ. રાજયના સુરત, આણંદ, અમદાવાદ, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ શહેરોમાં ૧૫ કિ.મી.ની ત્રિજયામાં આવતા વિસ્તારો માટે એન.ઓ.સી. ઈસ્યુ કર્યુ છે. ગાંધીગરને જ અન્યાય કરવા માટે પ્રમાણપત્ર આપવામાં આવતુ નથી.

એસ.ટી. નિગમ ગાંધીનગર શહેરને પુરતી બસ સેવા આપી શકતી નથી. ત્યારે જે સેવા આપે છે તેને ઈરાદાપૂર્વક રંજાડવામાં આવે છે. શહેરી બસ સર્વિસને નુકશાન થાય છે. તેનાથી અમને વધારે નુકશાન થાય છે. દરરોજ ત્રણ થી ચાર વાહનો બદલવા પડે છે. ફક્ત ચાંદખેડા જવા માટે રીક્ષાઓ શટલીયવાળા ઘેટા-બકરાની જેમ મુસાફરો ભરે છે. અને ભાડુ શહેરી બસ સેવા કરતા વધારે લે છે.

છેલ્લા પાંચ દિવસથી સીધી બસ ન હોવાના કારણે સમયનો પણ વ્યય થઈ રહ્યો છે. પરિણામે અમારે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે ગાંધીનગર-ચાંદખેડા શહેરી રૂટને કાયમી મંજુરી આપી પુનઃ ચાલુ કરવા માટે અમારી માગણી છે.



**તડકાથી બચાવતી ટોપીનું વિતરણ**

બળબળતા આકરા તાપમાં પણ ગરીબ પરિવારો પેટીયુ રળવા માટે પરસેવો પાડતા હોય છે. પેટનો ખાડો પુરવા માટે મહેનત કર્યા સિવાય ઉદ્ધાર નથી. ત્યારે આવા શ્રમિકોના માથે રમેશિલ ઈન્ટશનેશલ ફાઉન્ડએશન દ્વારા ઠંડક આપતી ટોપી વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે ૨૫૦ જેટલી ટોપીઓનું વિતરણ કરાયું હતું. આ સેવાકીય કાર્ય આગામી ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. જેમાં મનોજ, શૈલેષ, રાકેશ, વિપુલ, રોબી, અભિનવ, યોગેશ રમેશ, અરવિંદ અને રવિએ સેવા પુરી પાડી હતી.

# ડીસ્ટ્રીકટ કોર્ટમાં પાણી ન આવતા વકીલો પરેશાન

## પાણી પીવા માટે કલેકટર ઓફિસમાં જવું પડે છે : સેકટરોની સાથે કોર્ટ બિલ્ડીંગમાં પણ પાણીની સમસ્યા : નવા કુલરો મુકાયા પણ પાણી જ આવતું નથી

ગાંધીનગર તા ૨૬

સે-૧૧ સ્થિત કોર્ટ બિલ્ડીંગમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પીવાનું પાણી ન આવતું હોવાથી વકીલોએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે. આકરી ગરમીમાં બેઠક શેડ નીચે તપતા વકીલોને પાણી પીવા માટે કલેકટર કચેરી સુધી લાંબા થવું પડે છે. કોર્ટમાં ઠંડા પાણીની સગવડ માટે વોટર કુલરો પણ મુકવામાં આવ્યા છે.પરંતુ પાણી ન આવતા વકીલોમાં આક્રોશ પ્રવર્તાયો છે.

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કાર્ટમાં પાર્કીંગની સમસ્યા સાથે હવે પાણીની પોકાર વકીલો માટે શિરદર્દ સમાન બની છે.કોર્ટ બિલ્ડીંગમાં લાંબા સમયના અંતે પણ પાર્કિંગની યોગ્ય સુવિધા ગોઠવી શકાઈ નથી.જેના લીધે રોજબરોજ કોર્ટમાં આવતા વકીલો તેમજ મુલાકાતીઓએ ડગલે ને પગલે હેરાનગતિ વેઠવી પડે છે.

યોગ્ય પાર્કિંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે.જેમાં ખાસ કરીને સિનિયર સિટિઝન્સ તેમજ મહીલાઓને હાલાકી ભોગવવી પડે છે. જો કે અગાઉ પાર્કીંગની જવાબદારી માટે પોલીસ પહેરો પણ ગોઠવવામાં આવ્યો હતો પરંતુ આ વ્યવસ્થા લાંબો સમય ન ટકતા આખરે યથાવત સ્થિતિ જોવા મળી રહી છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી કોર્ટ બિલ્ડીંગમાં નવી સમસ્યા ઉદભવી છે. કોર્ટમાં પીવાનું પાણી ન આવતું હોવાની બુમ ઉઠવા પામી છે. જેના લીધે વકીલોએ આકરી ગરમીમાં પાણી પીવા માટે બાજુમાં સ્થિત કલેકટર કચેરી સુધી લાંબા થવુ પડે છે. ગરમીમાં બેઠક શેડ નીચે પરસેવે નીતરતા વકીલોને પીવાના પાણી ન મળતા આક્રોશ પ્રવર્તયો છે. જયારે કોર્ટ સંકુલમાં પીવાના ઠંડા પાણી માટે વોટર કુલરો પણ મુકવામાં આવ્યા છે.પરંતુ પાણીની ઉપલબ્ધિના અભાવે ઉપયોગી થઈ શકતા નથી.




કોર્પોરેશન દિવસે દિવસે કામગીરીમાં વધારો કરી રહ્યું છે ત્યારે ભોંયતળીયે આવેલ ઓફિસોમાં 'સીસી' કેમેરા હજી પણ બંધ હાલતમાં છે. કોઈને આ વાતનું ધ્યાન નથી કે સમય નથી? (તસવીર : કશ્યપ નિમાવત)

# ભાડુઆત અંગે જાણ નહિ કરનાર ત્રણ સામે ગુના દાખલ

## સેક્ટર-૧૬માં લાયસન્સ વગર ચાલતી હોટલ પર એસઓજીનો દરોડો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટરના જાહેરનામા મુજબ ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ કરવી તથા હોટલ-ગેસ્ટહાઉસનું લાયસન્સ રાખવુ ફરજીયાત હોવા છતાં વેપારીઓ તથા મકાન માલીકો તે પ્રમાણે જાહેરનામાનું પાલન ન કરતાં હોવાનું ધ્યાને આવતા ગાંધીનગર એસઓજીની ટીમે અલગ-અલગ વિસ્તારમાં ચેકીંગ કરી આજે ભાડુઆત અંગે જાણ ન કરનાર ત્રણ માલીકો સામે સે. ૧૬માં લાયસન્સ વગર હોટલ ચલાવનાર સામે પણ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ઈન્ચાર્જ એસ.ઓ.જી. પી.આઈ. આશુતોષ પરમારે ચેકીંગ કરવા તેમની ટીમને આદેશ આપ્યો હતો. જેને આધારે પીએસઆઈ એ.કે. ભરવાડ તથા તેમની ટીમે ભાડુઆત અંગે જાણ ન કરનાર ત્રણ મકાન-પ્લોટ માલીકો અને લાયસન્સ વગર હોટલ ચલાવતા સંચાલક સામે કાર્યવાહી કરી છે. સે. ૨૬ ખાતે રહેતા બી.ટી. શાહ અને અજીતભાઈ ગોવિંદભાઈ રાદડીયા બંને સામે જીઆઈડીસીમાં પોતાના પ્લોટ ભાડે આપ્યા બાદ સ્થાનિક પોલીસને જાણ કરી ન હતી. તે ઉપરાંત સે. ૫-ખાતે રહેતા શંકુબેન વસંતભાઈ પટેલે પણ પોતાનું મકાન ભાડે આપ્યા બાદ પોલીસને જાણ કરી ન હોવાનું ધ્યાને આવતા ત્રણેય સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો છે. તો બીજી તરફ સે. ૧૬ ચોપાટીમાં લાયસન્સ વગર ચાલતી મૈસુર ઢોસા સેન્ટરના માલીક સુરેશ શ્રીધરભાઈ શેટ્ટી સામે પણ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખની કારોબારી સમિતિની બેઠકનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે જીગર ત્રિવેદી, ઉપપ્રમુખ માટે ધવલ દવે, રવિ ત્રિવેદી, હર્ષ જોષી, વિપુલ જોષી તેમજ મહામંત્રી માટે જયશ્રીબેન ખેતિયા, ખજાનચી તરીકે પિયુષ પંડ્યા અને સહમંત્રી માટે જવલ દવે, કેવલ રાવલ, ધનંજય જોષી તેમજ મૌલિન વ્યાસ અને સંગઠન મંત્રી માટે હાર્દિક દવે, હેમંત દવે, સંદિપ જોષી, તેજ પંડ્યા, જ્યારે સાંસ્કૃતિક મંત્રી તરીકે જય દવે અને દેવાંગી મહેતા સહિત સલાહકાર સમિતિ માટે મુંજાલ રાવલ તથા જિજ્ઞેશ રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

યુવા પાંખના હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ તા. ૩૧ મે ના રોજ સવારે ૯.૩૦ કલાકે બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે યોજાશે. જેમાં શહેરના તમામ બ્રહ્મ પરિવારોને હાજર રહેવાનું જણાવાયું છે.

# એક વર્ષથી વોન્ટેડ ઉવારસદનો બુટલેગર એસ.ઓ.જી.ના સકંજામાં

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ



ડી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પીએસઆઈ અમીત ભરવાડ તથા તેમની ટીમ દોડતી થઈ છે ત્યારે ઉવારસદનો એક બુટલેગર તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળતાં આ ટીમ બાતમીવાળા સ્થળે ઉવારસદ રાણજીપુરા પહોંચી ગઈ હતી. છેલ્લા એક વર્ષથી ચાંદખેડા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ આ બુટલેગર ગોવા કાળાજી ઠાકોરને ઝડપી લેવાયો હતો. એસ.ઓ.જીએ વોન્ટેડ બુટલેગરની ધરપકડ કરી ચાંદખેડા પોલીસને સોંપી દીધો છે.

# કેન્દ્રની મોદી સરકારે ભૂમિ અધિગ્રહણ બીલના નામે ખેડૂતોની ઘોર ખોદી છે : 'આપ'

## મોદી સરકારના એક વર્ષના શાસન સામે ગુજરાત 'આપ' દ્વારા શોકસભાઓ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્રની મોદી સરકારના શાસનને એક વર્ષ પૂર્ણ થયું છે. આજે આમ આદમી પાર્ટી દ્વારા એક વર્ષના શાસનમાં નિષ્ફળ નિવડેલી ભાજપ સરકારના અચ્છે દિનનો પોલ ખોલવામાં આવ્યા હતા. રાજ્યના અનેક મોટા શહેરોમાં કાર્યક્રમો યોજ્યા હતા. અમદાવાદમાં અંજલિ સિનેમા ખાતે અચ્છે દિનની શોકસભા યોજવામાં આવી હતી.

ગુજરાત આમ આદમી પાર્ટીએ કેન્દ્રની મોદી સરકારના એક વર્ષના શાસનની શોકસભા રાખવામાં આવી હતી. અમદાવાદ સ્થિત અંજલિ સિનેમા ખાતે 'આપ'ના કાર્યકરો મોદી સરકાર વિરૂદ્ધ દેખાવો કરવામાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટીના સુખદેવ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષના શાસન દરમ્યાન કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર 'અચ્છે દિન'ના નામે લોકોને જે રીતે ઉલ્લુ બનાવ્યા છે તે વાતથી લોકો ચેતી ગયા છે. ભૂમિઅધિગ્રહણ બિલના નામે ખેડૂતો તથા અન્ય કાયદાઓ દ્વારા કામદારો કર્મચારીઓની ઘોર ખોદાઈ જાય તેવા કાયદાઓ બની રહ્યા છે. ખેડૂતોની આત્મહત્યા રોકાવાનું નામ નથી લઈ રહી. પેટ્રોલ ડીઝલના ભાવોનો વધારો સર્વિસ ટેકસનો વધારો જીવન જરૂરીયાતની વસ્તુઓમાં મોંઘવારીએ આમ આદમીની કમ્મર તોડી નાખી છે. ભ્રષ્ટાચાર દૂર કરવો દૂર રહ્યો પરંતુ પોતાના ચૂંટણી વાયદાનું ધમધોકાર અમલીકરણ શરૂ કરી ભ્રષ્ટાચારનો ખાતમો બોલાવી રહ્યો છે. જે જોઈ ધીમે ધીમે સમગ્ર ભારતમાં આમ આદમી પાર્ટીની વૈકલ્પિક રાજનીતિ



ભાજપ પોતાને બચાવવા પોલીસનો ગેરકાયદેસર ઉપયોગ કરી લોકોનો અવાજ દબાવી રહી છે. જે અમે ક્યારે ચલાવી લેવાના નથી અમારી લડત ચાલુ રહેશે. આમ આદમી પાર્ટી દ્વારા ભાવનગર, રાજકોટ, વાંકાનેર, સુરત, દાહોદ, પંચમહાલ, વડોદરા વગેરે જિલ્લાઓમાં પણ અચ્છે દિનોની શોકસભા યોજવામાં આવી હતી.

૫.૩૨ લાખનો કોર્પોરેટોનો ટેક્સ માફ કરી સરકારી તીજોરીને નુકશાન પહોંચાડવામાં આવે છે.

બીજી તરફ દિલ્હીમાં અરવિંદ કેજરકીવાલ સરકારે ૧૦૦ દિવસમાં તરફ લોકો જોડાઈ રહ્યા છે. તેજ પ્રકારે અમદાવાદમાં પણ લોકોનું આકર્ષણ આમ આદમી પાર્ટી તરફ વધ્યુ છે જે જોતા ભાજપની પગ નીચે રેલો આવી રહ્યો છે. એટલે જ

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૬**
**સૂર્યાસ્ત : ૭.૨૦**

### તાપમાન

**મહત્તમ : ૪૨.૮ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા**

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ શકરીબેન અંબાલાલ પટેલ (ઉ.વ.૮૩) મુ. રિદ્રોલ, તા.માણસા, જી. ગાંધીનગર
- સ્વ. હેતલ ભૂપતભાઈ રાવળ (૬ માસ) ઈન્દિરાનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન દ્વારકાદાસ પરીખ (ઉ.વ.૯૩) ૧૩૩૭/૨, સેકટર-૭ડી, ગાંધીનગર
- સ્વ. હંસાબેન કમલેશભાઈ સોલંકી (ઉ.વ.૫૯) ૩/૨, બી-ટાઈપ, ટેલિફોન કોલોની, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. પટેલ તારાબેન નવીનચંદ્ર (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૧૯/૨૧૯, સે-૧૪, ગાંધીનગર
- સ્વ. કાન્તીજી કાળાજી ઠાકોર (ઉ.વ.૫૫) મુ.રાજપુર તા.જી. ગાંધીનગર